ગાંધીનગર સમાચાર

## જન્મદિને વધામણી


નીરંજના પ્રદીપસિંહ બિહોલા
ટ્રસ્ટી, સરસ્વતી વિદ્યાલય, સે-૬
મો. ૯૯૦૯૪ ૧૨૨૬૯


નટવરલાલ જે સોલંકી
પૂર્વ પ્રમુખ, ગૂર્જર ક્ષત્રિય કડિયા સમાજ
મો. ૯૯૨૪૨ ૯૨૪૪૦


ચંદ્રેશ એ પટેલ
મો. ૯૪૨૭૦ ૧૧૧૪૫


વિઠ્ઠલભાઈ એન સોલંકી
મો. ૯૭૨૩૮ ૯૭૭૪૫


વિવેક રાઠોડ
મો. ૮૮૬૬૧ ૦૧૪૩


રાજ તુષારકુમાર ખન્ના


જી એમ સુથાર
મો. ૯૯૨૪૧ ૭૪૨૪૪


હર્ષ મુકેશ આનંદ


કશિશ પંકજકુમાર મેસરવાલા
મો. ૯૭૧૨૪ ૬૦૭૪૬


દિયા સંજય મોડ
મો. ૯૮૨૪૫ ૯૨૨૨૨

### આદિશ્વ કૉલેજ ઑફ ટૅકનોલૉજી-વિનસ ખાતે

# કૉર્પોરેટ લાઈફ શૅરિંગ વિષયે વર્કશૉપનું આયોજન કરાયું



ગાંધીનગર, તા. ૩૧

જીટીયુ સંલગ્ન આદિશ્વર કૉલેજ ઑફ ટૅકનોલૉજી-વિનસ ખાતે તાજેતરમાં કૉર્પોરેટ લાઈફ શૅરિંગ વિષયે એક દિવસીય વર્કશૉપનું આયોજન કરવામાં આવ્યું હતું.

ટ્રેનીંગ અને પ્લેસમૅન્ટ વિભાગના હેડ દીપ મહેતાએ આ અંગેની માહિતી આપતાં જણાવ્યું છે કે આ પ્રસંગે મુખ્ય અતિથિ તરીકે જીટીયુના પૂર્વ ડૅપ્યુટી ડિરેક્ટર ડૉ. અપૂર્વ રાવલ શાહ અને ગોદરેજ પ્રૉપર્ટીઝ લિમિટેડના ચૅનલ હેડ મુકેશ મુલાણી ઉપસ્થિત રહ્યા હતા.

આ વર્કશૉપનો મુખ્ય હેતુ વિદ્યાર્થીઓમાં કૉર્પોરેટ અને ઈન્ડસ્ટ્રીઝમાં ચાલી રહેલી પ્રવૃત્તિો, વર્ક કલ્ચર, તકો, મુશ્કેલીઓથી વિદ્યાર્થીઓને માહિતગાર કરવાનો હતો. બંને વકતાઓએ પોતાની કારકિર્દીની શરૂઆતથી માંડીને પોતાને પડેલી મુશ્કેલીઓ, મળેલી તકો, સ્વીકારેલાં પરિવર્તનો અંગે વિશદ માહિતી અને કૉર્પોરેટ લાઈફમાં સૅટ થવા માટે ધીરજ, જાગૃતિ તથા પરિવર્તનનો સ્વીકાર કરવાની શીખ આપી હતી.



એસ. કે. પટેલ કે.જી ઈંગ્લિશ મીડિયમ સ્કૂલ, કડી કૅમ્પસ ખાતે તા. ૩૧/૧/૨૦૧૭ના રોજ વેજીટેબલ ડે ની ઊજવણી કરવામાં આવી હતી. જેમાં વિદ્યાર્થીઓ રિઅલ વેજીટેબલ્સથી બનેલા ચાર્ટ્સ ,સ્ટિકર ચાર્ટ્સ, ડ્રૉઈંગ ચાર્ટ્સ, ક્લેમાંથી બનાવેલ વેજીટેબલ્સ સાથે લાવ્યા હતા. ઘણા વિધ્યાર્થીઓનો શણગાર પણ રિયલ વેજીટેબલ્સની સામગ્રીમાંથી બનાવમાં આવ્યો હતો જેવા કે હેરપિન ,એરેના,નેકલેસ, રીંગ, હેટ વગેરે... જેમાં બાળકો સાથે વાલીઓનો ઉત્સાહ પણ દેખાઈ આવતો હતો. શિક્ષકોએ પણ શાકભાજી વિશે જણાવી વિદ્યાર્થીઓને રોજ જુદા-જુદા શાકભાજી ખાવા પ્રેરિત કર્યા હતા.

### શ્રીમતી આર ઍન પટેલ પ્રાઈમરી સ્કૂલ ખાતે

# વિદ્યાર્થીઓની આંતરિક શક્તિઓને ખીલવવા તાલીમ કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા. ૧

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શ્રીમતી આર ઍન પટેલ પ્રાઈમરી સ્કૂલના ધોરણ-૬થી ૮ના વિદ્યાર્થીઓ માટે રચના ફાઉન્ડેશન (શૈલેષકુમાર મફતલાલ પટેલ) દ્વારા વિદ્યાર્થીઓની આંતરિક શક્તિઓનો વિકાસ થાય તે માટે તાલીમ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

વક્તા દ્વારા હળવી શૈલીમાં વિદ્યાર્થીઓમાં રહેલી સુષુપ્ત શક્તિઓ જાણવાની પધ્ધતિ, બુદ્ધિ અને યાદશક્તિ ધારદાર બનાવવાની ટૅકનીકસ અને ઘડિયા યાદ રાખવાની રચનાત્મક શૈલી પણ જણાવવામાં આવી હતી. સાથોસાથ સ્વસ્થ રહેવા સાબંધી કેટલીક અપનાવવા જેવી ટેવો, યૌગિક ક્રિયાઓ અને પ્રાણાયામ સહિત બ્રેઈન પાવરને વધુ તેજ બનાવવાની પ્રવૃત્તિ પણ તેમણે પ્રાયોગિક રીતે દર્શાવી હતી. વિદ્યાર્થીઓએ પૂછેલા પ્રશ્નોના ઉત્તરો પણ તેમણે પાઠવ્યા હતા.

# આર જી પટેલ સ્કૂલનું ગૌરવ

ગાંધીનગર, તા. ૧

શ્રીમતી આર જી પટેલ કન્યા માધ્યમિક અને શ્રીમતી ઍસ બી પટેલ કન્યા ઉચ્ચતર માધ્યમિક શાળા, સૅક્ટર-૨૩ની વિદ્યાર્થીની ભાવના દશરથસિંહ સિસોદીયાએ હરિયાણા ખાતે આયોજિત સ્કૂલ ગેમ્સની જિમ્નાસ્ટીક્સની સ્પર્ધામાં અન્ડર-૧૯ વિભાગમાં ભાગ લઈને સ્કૂલનું ગૌરવ વધાર્યું છે.

ઉલ્લેખનીય છે કે ભાવના આ અગાઉ પણ ત્રણ વખત રાષ્ટ્રકક્ષાની જિમ્નાસ્ટીક્સ સ્પર્ધામાં ભાગ લઈ ચૂકી છે. આચાર્ય સુધાબેન પી પટેલ અને વ્યાયામ શિક્ષક ઉર્વશીબેન જોષીએ આ ગૌરવશાળી વિદ્યાર્થીનીને બિરદાવી અભિનંદન પાઠવ્યા છે.

# ‘દિલનો દરિયો’ નાટકથી નગરજનો ભીંજાયા



### ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમીની આર્થિક તૈયારથી તૈયાર થયેલા શિલ્પા ઠાકર લિખિત અને બિમલ પરમાર દિગ્દર્શિત નવતર નાટકને ગાંધીનગરાઓએ મોજથી માણ્યું

ગાંધીનગર, તા. ૩૦

ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમી (ગાંધીનગર)ના આર્થિક સહયોગથી સાંસ્કૃતિક વારસાની જાળવણીની યોજના અંતર્ગત તૈયાર થયેલું નાટક ‘દિલનો દરિયો’ ડૉ. બાબાસાહેબ આંબેડકર હૉલ, ગાંધીનગર ખાતે તા. ૩૧ જાન્યુઆરી ને મંગળવારે ભજવાયું હતું.

શિલ્પા ઠાકર લિખિત અને બિમલ પરમાર દિગ્દર્શિત આ નવતર નાટકમાં રાજુ વાઘેલા, જસવંત પરમાર, નાદિયા હિમાની, અક્ષય પટેલ, કાજલ સોની, પૃથ્વી શાહ, વિજય દેસાઈ, મૅગી ક્રિશ્ચિયન અને નવીન સિંગલ દ્વારા અભિનયનાં અજવાળાં પાથરવામાં આવ્યાં હતાં.

દિગ્દર્શન સહાય નવીન સિંગલ, સૌનિક ઓઝા, રંગભૂષા મનુ પંડ્યા, વેશભૂષા ભારતી ડ્રેસ હાઉસ, સન્નિવેશ સાયોનારા, છાયા પ્રકાશ બળદેવભાઈ, સંગીત સંકલન કૃણાલ તમંચે, સંગીત સંચાલન પરીધ ઠક્કર, નેપથ્ય ધ્રુવ, કિરણ, શિવમ્, ધારા, અર્ચના અને નિર્માણ નિયામક તરીકે રોશની પાટીલે આ નાટકમાં પોતાની સેવાઓ આપી હતી. જયંતિભાઈ પરમાર, દેવેન્દ્રભાઈ પરમાર તથા દાણીલીમડા સંસ્કાર ચોરા દ્વારા આ નાટ્યનિર્માણ માટે સહાય પૂરી પાડવામાં આવી હતી.

ડૉ. આંબેડકર હૉલ ખાતે રાત્રે ૯ કલાકે યોજાયેલા આ નાટકને માણવા ગાંધીનગર ઉપરાંત અમદાવાદના નાટ્યરસિકો અને નાટ્યજગત સાથે સંકળાયેલા કલાકારો ઉપસ્થિત રહ્યા હતા. લગ્નસંસ્થાની આવશ્યકતા પ્રસ્થાપિત કરતા આ નાટકને નાટ્યરસિકોએ છેવટ સુધી માણ્યું હતું અને તેના મંચન બદલ કલાકારોને બિરદાવ્યા હતા.

આ નાટકને માણવા માટે ડૉ. ચેતન વ્યાસ, નીતાબેન કાન્ચા, હિરેન ઠક્કર, રફિક પઠાણ, જયંતિભાઈ પરમાર, ડૉ. ઋત્વિક પુરાણી, આર પી લાલવાણી, રમણભાઈ સોલંકી, રફિકભાઈ સુબેદાર, રાજુભાઈ વાઘેલા, આર ઍમ પગી તથા ગાંધીનગરના કલાકાર ભાવિન પટેલ, કુંતલ નિમાવત, હિમાંશુ ભચેચ, દિવ્યકાન્ત વર્મા, સાહિત્યકાર નટવર હેડાઉ ઉપસ્થિત રહ્યા હતા.




શ્રી ગજાનન સેવા સમિતિ દ્વારા મૌની અમાવસ્યાના દિવસે શામળાજી પાસે ગોઢ તથા જેસીંગપુર પાસે કુલ ૧૦ ગામોનાં ૧૨૧ વૃધ્ધોને ૩ કિગ્રા ચોખા, ૧ કિગ્રા ગોળ તથા શક્તિના સીરપ અને ઉધરસ મટાડવા માટેની દવાનું વિતરણ કરવામાં આવ્યું હતું. પ્રત્યેક વયસ્કને સ્વેટરની ભેટ પણ આપવામાં આવી હતી. ઉપરાંત ભેટાલી આશ્રમ શાળામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને સંસ્થા તરફથી નાસ્તો પણ કરાવવામાં આવ્યો હતો અને તેમને પૅન્સિલ, રબર, દેશી હિસાબ, બોલપૅન, સ્વેટર તથા રમતનાં સાધનોની ભેટ આપવામાં આવી હતી. સંસ્થા તરફથી મફતભાઈ વાઘેલા, કમલેશભાઈ, મહેશભાઈ વાઘેલા, ગામેતીભાઈ તથા મિલન્દભાઈ આ સેવાકાર્યમાં જોડાયા હતા.



સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત ગાંધીનગરની એસ. જી. પ્રાથમિક શાળામાં ધો-૬થી ૮ના વિદ્યાર્થીઓ માટે બ્રહમાણી હોલમાં પ્રાથમિક સારવાર અંતર્ગત કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમમાં સી. એમ. પટેલ નર્સિંગ કૉલેજના સ્ટાફ અને વિદ્યાર્થીઓએ શાળાના વિદ્યાર્થીઓને અકસ્માત થાય ત્યારે પ્રાથમિક સારવાર કેવી રીતે કરવી ત અંગે માર્ગદર્શન આપ્યું હતું અને આ સમયે શું કરવું તથા શું ન કરવું તે બાબતથી વિદ્યાર્થીઓને માહિતગાર કર્યા હતા.

## ડાયરેક્ટ ❤ સે

ઈશ્વર
સુંદર રીતે
તમારા જીવનમાં
એક દિવસ ઉમેરે છે
તમને જરૂર છે એટલે નહીં
બીજાને તમારી જરૂર છે
એટલે

## મનોરંજન

**સિટી પલ્સ**

**સ્ક્રીન-૨**
કૉફી વિથ ડી
૧.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૧૦.૦૦
**સ્ક્રીન-૩**
ટ્રીપલ ઍક્સ રિટર્ન ઑફ કેજ (ડબ હિન્દી)
૩.૪૫, ૫.૪૫, ૧૦.૧૫
ટ્રીપલ ઍક્સ રિટર્ન ઑફ કેજ (ડબ અંગ્રેજી)
૮.૦૦
**સ્ક્રીન-૪**
ધ ફૂ (હિન્દી)
૧.૦૦, ૧૦.૦૦
ધ ફૂ (અંગ્રેજી)
૫.૪૫
ઓકે જાનુ
૩.૧૫
હરામખોર
૮.૦૦
**સ્ક્રીન-૫**
કૉફી વિથ ડી
સવારે ૧૦.૦૦
ઓકે જાનુ
૬.૪૫
દંગલ
૩.૩૦

# કોસ્ટ ગાર્ડ આયોજિત ચિત્ર સ્પર્ધામાં આર જી પટેલ સ્કૂલ ઝળકી

ગાંધીનગર, તા. ૧

ગાંધીનગર ઉદ્યોગ ભવનમાં કાર્યરત દરિયાઈ તટરક્ષક (પશ્ચિમ વિભાગ) દ્વારા પોતાના સ્થાપના દિવસની ઉજવણીના ભાગરૂપે ચિત્ર સ્પર્ધાનું આયોજન તાજેતરમાં કરવામાં આવ્યું હતું.

વન સંશોધન સંકુલ, બોરીજ ખાતે આયોજિત આ ચિત્ર સ્પર્ધામાં અન્ય વિદ્યાર્થીઓની સાથે શ્રીમતી આર જી પટેલ કન્યા માધ્યમિક શાળા, સૅક્ટર-૨૩ના ધોરણ-૯માં અભ્યાસ કરતી ૧૦ વિદ્યાર્થીનીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. ચિત્ર સ્પર્ધાનો વિષય હતો : ‘પાણી બચાવો અને તેના વિવિધ લાભદાયી ઉપયોગ.’ ૯૦ મિનીટનો સમય આ વિષયે ચિત્ર તૈયાર કરવા માટે આપવામાં આવ્યો હતો.

શાળાના ચિત્ર શિક્ષક પંકજભાઈ ઍફ પટેલ નિર્ણાયકની ભૂમિકામાં રહ્યા હતા. શાળાની વિદ્યાર્થીની ક્વિનલ જિતેન્દ્રકુમાર ચૌહાણ અને આશ્લેષા બિપીનભાઈ પટેલનાં ચિત્રો શ્રેષ્ઠ દસ ચિત્રોમાં સ્થાન પામ્યાં હતાં.

# વાચકોને આમંત્રણ

## સંવેદના વિભાગમાં સ્વાનુભવો લખવા

લેખકો, વાચકોનું પ્રિય અને ગાંધીનગરનું પ્રથમ દૈનિક સમાચારપત્ર ‘ગાંધીનગર સમાચાર’ લખવા માગતા વાચકો માટે સંવેદના વિભાગ શરૂ કરી ચૂક્યું છે અને આ માટે લખવા સૌને આમંત્રણ આપે છે. આ વિભાગ અંતર્ગત દર માસે અલગ-અલગ વિષયો આપવામાં આવે છે, જે માટે વાચકોએ લખાણ મોકલવાનું હોય છે. વિભાગ દર સોમવારે પ્રકાશિત કરવામાં આવે છે. કોઈપણ વાચક આ લખાણ મોકલી શકે છે, જે તેના નામ સાથે પ્રકાશિત કરાશે. હા, લખાણની લંબાઈ અને ઍડિટિંગનો અધિકાર અખબાર અબાધિત રાખે છે. વાચકોને વિનંતી છે કે શબ્દોની મર્યાદા ૧૫૦ સુધી રાખવામાં આવે. આ વખતનો વિષય છે :

**‘મારી યાદગાર સ્કૂલ’**